Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૧ | ચૈત્ર. | પુસ્તક ૪૨ મું. |
| વિક્રમ સં. ૨૦૦૧ | :: ઇ. સ. ૧૯૪૫ એપ્રીલ :: | અંક ૯ મો. |

**નોટ**—આ નીચેની શ્રી સિદ્ધચક્રજી મહારાજની સ્તુતિઓ પ્રાકૃત ભાષામાં પ્રાચીન છે અને વિક્રમ સંવત ૧૫૩૨ ની લખાયેલી **જીરા** પંજાબના જ્ઞાનભંડારમાંથીઆ ચાર્ય **શ્રીલલિતસૂરિજી** મહારાજને ઉપલબ્ધ થયેલી પ્રગટ કરવા અમોને મોકલી છે. તે સમયાનુસાર હોવાથી નીચે મુજબ પ્રગટ કરીએ છીએ.

**સંપાદક.**

## श्री सिद्धचक्र भगवान की स्तुति ॥

१. ( उपजाति-छंद )

जे भत्ति जुत्ता जिण सिद्धसूरि,
उज्झाय साहूण कमे नमंति ।
सुदंसण नाण तवो चरित्तं,
पूयंति पावंति सुहं अणंतं ॥ १ ॥

नामाइ मेएण जिणंद चंदा,
निच्चं नया जेसि सुरिंद विंदा ।
ते सिद्धचक्कस तवे रयाणं,
कुणंतु भव्वाण पसत्थ नाणं ॥ २ ॥

जो अत्थओ वीर जिणेण पुव्विं,
पच्छा गणिंदेहि सुभासिओ य ।
सो आगमो सिद्धि सुहं कुणेउ,
एयस्स आराहण तप्पराणं ॥ ३ ॥

सवत्थ सव्वे विमलप्पहाइ,
देवा तहा सासन देवयाओ ।
जे सिद्धचक्कंमि सयावि भत्ता,
पूरंतु भव्वाण मणोहरं ते ॥ ४ ॥

२. ( स्रग्विनी छंद )

भत्ति जुत्ताए सत्ताए मण कामणा,
पूरणे कप्पतरु कामधेणू पमम् ।
दुक्ख दोहग्ग दारिद्द निन्नासयं,
सिद्धचक्कं सया संथुणे सासयं ॥ १ ॥

तिजग जण संथुणिअ पाय पंके रुहा,
हेम रुप्पंजणासोग नीलप्पहा ।
सिद्धचक्कं थुणंताण कय निव्वुइं,
सव्व तित्थंकरा दिंतु नाणुन्नयं ॥ २ ॥

ज(त्थ) जिण सिद्ध तह सूरि वायग जई,
दंसण नाण चरणं तव नव पई ।
सिद्धचक्कस वन्निज्जए तं सया,
नमह श्रीवीर सिद्धंत माणंदिया ॥ ३ ॥

जक्खिणि जक्ख गह वीर दिसि पालया,
जय विजय जंभिणी पमुह वरदेवया ।
दिंतु रुद्दाण खुद्दाण निन्नासगं,
सिद्धचक्कं महंताण कल्लाणगं ॥ ४ ॥

[ वि० सं० १५३२ की लिखी हुई यह दो स्तुतियां जीरा ( पंजाब ) के ज्ञानभंडार में से उपलब्ध हुई है । ]

सं. श्री ललितसूरि.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ' વર્તમાન વિશ્વની દશા '

લે૦ **આ. શ્રી વિજયકસ્તૂરસૂરિ મહારાજ.**

( કવ્વાલી. )

ખરેખર વિશ્વ અત્યારે, વિપત્તિથી વીંટાયું છે;
થશે શું ભાવીમાં સહુનું, વિચારોમાં મુંઝાયું છે. ૧
ધર્મનો પંથ છોડીને, અધમ વાટે વળાયું છે;
દ્રવ્ય તૃષ્ણા વધી તેથી, કૃત્ય સાચું ભૂલાયું છે. ૨
નથી કોઇ વિશ્વમાં સુખીયા, શાસ્ત્રમાં જે ગવાયું છે;
અત્યારે તે સહુ કોઈની, નજર આગળ મુકાયું છે. ૩
હતા જ્યાં મહેલ મેડીયો, ધુવડથી ત્યાં વસાયું છે;
થયા ત્યાં બાગ ને બંગલા, દીસાએ જ્યાં જવાયું છે. ૪
હતું જે પુન્ય ધન પાસે, બધુંયે તે ખવાયું છે;
બધા વાતે ઊભી થયલી, કનડગતથી ઘેરાયું છે. ૫
ભલે ફરતી બધે લક્ષ્મી, જીવન તો જોખમાયું છે;
વિચારો લક્ષ્મી જોઈ જોઇને, પેટ કોનું ભરાયું છે ? ૬
ધની ને ધન વગરનાને, ધાન્ય જીવન ગણાયું છે;
પડ્યો ટોટો ઘણો તેનો, ક્યાંક ધન તો ભરાયું છે. ૭
ધની કરતાં ઘણા નિર્ધન, અત્યારે તો થવાયું છે;
સમય વીતે ખબર પડશે, કોણ કેવું ધવાયું છે ? ૮
અત્યારે પુન્ય રળવાનું, કામ આવ્યું સવાયું છે;
ભૂખ્યાને અન્ન આપે તે, ધાન્યથી જે ધરાયું છે. ૯
અતિશય પુન્યના બળથી, પાપ જેનું દબાયું છે;
સુખી છે ને સુખી રહેશે, પાપથી જ્યાં ખસાયું છે. ૧૦
વધ્યું બહુ પાપ તેથી આ, વિપત્તિ વ્હાણું વાયું છે;
સંપત્તિ સૂર્ય જોશે તે, પુન્ય નાણું કમાયું છે. ૧૧

---

# [1]સંસારમાં સારભૂત.

લે૦ સંવિજ્ઞપક્ષ મુનિ શ્રી પુણ્યવિજયજી.

પરબ્રહ્મસ્વરૂપ આત્માને વિષે મનની એકાગ્રતા કરવી તે જ મોટો યોગ છે અને સ્ત્રી ધનાદિક સાંસારિક શબ્દાદિ વિષયોમાં મનની એકાગ્રતા કરવી તે કેવળ સંસારભ્રમણનું જ કારણ છે. તથા જીવાજીવાદિક તત્ત્વોની વિચારણા કરવી તે જ ખરૂં જ્ઞાન છે. ઇતિહાસ, ભૂગોળ વિગેરેનું જ્ઞાન તો સંસારની આસક્તિનું જ કારણ છે, તથા સમાધિથી ઉત્પન્ન થયેલું જે સુખ તે જ સાચું સુખ છે. વિષયોથી ઉત્પન્ન થતું સુખ ક્ષણિક અને નશ્વર હોવાથી તથા ઉપાધિજન્ય હોવાથી પરિણામે દુ:ખરૂપ જ છે. આ પ્રમાણે **મનની એકાગ્રતા, તત્ત્વજ્ઞાન અને સમાધિસુખ** એ ત્રણ જ સંસારમાં સારભૂત છે; તે સિવાય બીજું સર્વ અસાર છે.

## ૨ અનેક કાર્યમાં વ્યગ્ર રહેતા મનને કર્તવ્યસૂચન.

આ પ્રાણીને સંસારમાં કર્તવ્ય તરીકે સેંકડો કાર્યો ઉપસ્થિત થાય છે, પરંતુ તે સર્વે કરી શકાતા નથી. અને એવી રીતે અનેક કાર્યોમાં વ્યગ્ર રહેવાથી તેનું ચિત્ત એક પણ કાર્યમાં વિશ્રામને પામતું નથી તેમ સાર–તત્ત્વના વિચાર રહિત પ્રાણીઓને હૃદયમાં રહેલા એવા પણ આત્મતત્ત્વની પ્રાપ્તિ દુર્લભ થાય છે. જો તત્ત્વાતત્ત્વનો વિચાર હોય તો અસારભૂત કાર્યમાં ચિત્ત ન આપતાં સારભૂત–તત્ત્વભૂત કાર્યમાં જ ચિત્ત પરોવે તો ચિત્ત વિશ્રાંતિને પામી આત્મહિત થાય.

## ૩ કામની બલવત્તરતા.

કામદેવ એટલો બળવાન છે કે તે પ્રાણીને એક પળમાં જ પાયમાલ કરી નાંખે છે. તેનાથી નિરંતર ડરતા રહેવાની જરૂર છે. તેના સાધનો પાંચ ઇંદ્રિયોના વિષયો તેને સેવતાં બહુ જ વિચાર કરવાનો છે. જેને કામને આધીન થવાની ઇચ્છા ન હોય તેણે પૌષ્ટિક અથવા કામોત્પાદક પદાર્થોનો આહાર કરવો નહિ, સ્ત્રીનો પરિચય અલ્પ પણ કરવો નહિ. 'સ્ત્રીની સાથે વાત કરવાથી શું હરકત છે ?' એમ કદિ ધારવું નહિ, તેમજ શૃંગારરસવાળી વાર્તાઓ કહેવી સાંભળવી નહિ, તેવા વિકાર કરનારા પુસ્તકો વિગેરે વાંચવા સાંભળવા નહિ. શાસ્ત્રકારે કહેલી શિયળની નવ વાડ બરાબર સાચવવી. જે પ્રાણી તે વાડને સાચ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વતો નથી તેના શિયળરૂપી ક્ષેત્રનો કામદેવ અવશ્ય નાશ કરે છે. પોતાના ખેતરની વાડ બરાબર સચવાય નહિ તો તે ખેડુતનો પાક પશુઓનાં ભોગમાં આવે છે. તે પ્રત્યક્ષ સિદ્ધ છે. આ ક્રૂર કામદેવ એક વાર આત્મારૂપી ગૃહમાં પ્રવેશ કરે તો પછી મોટા મોટા મુનિરાજના મનને પણ ક્ષોભ પમાડે છે અને તેના જ્ઞાન ધ્યાન વિગેરેને ભૂલાવી દે છે, તપને નિષ્ફળ કરે છે અને સત્ય વિગેરે ગુણોનો નાશ કરે છે.

# સંક્ષિપ્ત બોધવચનમાળા.

લેખકઃ—**આ. શ્રી વિજયપદ્મસૂરિ.**

( ગતાંક પૃષ્ઠ ૧૨૧ થી ચાલુ. )

૨૩. સત્પુરુષોની સોબત કરવાથી કુમતિનો નાશ થાય છે, મન ચોખ્ખું બને, ઘણા જૂના પાપનો ઢગલો ઓછો થઇ જાય, દયાભાવ વધે, દાન, શિયલ, તપની સાધના કરાય, સહન કરવાની ટેવ પડે, હિતકારી પ્રમાણોપેત પ્રિય, સત્ય વચન બોલવાની મજબૂત વૃત્તિ જાગે. ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, સમતા, વૈરાગ્ય-સંયમાદિ સદ્ગુણોનો લાભ થાય; માટે તેવા મહાપુરુષોનો સંગ કરી, તેમની અમૃતમય પવિત્ર વાણી સાંભળી, પરમ ઉલ્લાસથી મોક્ષમાર્ગને સાધી સંસારસમુદ્રનો પાર પામવો, એમાં જ માનવજન્મ પામ્યાની ખરી સાર્થકતા છે.

૨૪. ખપ પૂરતા વિચાર કરવા, ખાસ જરૂરી બોલવું ને ખાસ જરૂરી પ્રવૃત્તિ કરવી એ શાંતિમય જીવન ગુજારવાનો અપૂર્વ ઉપાય છે.

૨૫. કંચન-કામિનીમાં રહેલ પ્રેમની લાગણી સંસારની રખડપટ્ટી જરૂર વધારે છે, તેવી લાગણી જો અવિચ્છિન્ન પ્રભાવશાલિ, ત્રિકાલાબાધિત શ્રી જિનધર્મની આરાધના કરવામાં રાખીએ એટલે તેવી લાગણીથી જિનધર્મની આરાધના કરીએ તો જરૂર મુક્તિના અવ્યાબાધ સુખ મળે.

૨૬. સંસારી જીવોને રુચેલા ક્ષણિક સુખના સાધનોનું ફલ ક્ષણિક સ્વસ્થતા મળવી એ છે. તેવી ઉત્તમ શાશ્વતી અનંત સ્વસ્થતા સિદ્ધ પરમાત્માને નિરંતર હોય છે તેથી અહીંના જેવા સુખ સાધનોની તેમને જરૂર હોય જ નહિ; કારણ કે તે સાધનો ક્ષણિક સ્વસ્થતાને દેનારા છે. અને કાયમ ટકે એવી નિર્દોષ સ્વસ્થતા, મોક્ષમાર્ગની સાત્ત્વિકી આરાધના કરવાથી જ મળે.

૨૭. હે હંસ! પાણી અને દૂધનો વિવેક કરવામાં જો તું આળસ કરીશ, તો કહે કે તારું આ કુલવ્રત ( બંનેને છૂટા પાડી દૂધ પીવાનું કુલવ્રત ) બીજો કયો માણસ પાળશે? અર્થાત્ આમાં તારે પ્રમાદ ન કરવો જોઇએ. હંસ જેવા ભવ્ય જીવોએ દરેકના દોષનો ત્યાગ કરી ગુણો ગ્રહણ કરવા જોઇએ.

૨૮. હંસની જીભમાં ખટાશ હોવાથી દૂધ મિશ્રિત પાણીમાં તે અડે કે તરત જ દૂધના કૂચાકૂચા થઇ જાય, તે ખાઇ જાય ને પાણી એકલું રહી જાય.

૨૯. શાંતિ અને પ્રેમભરેલા વચનોની જેવી અજબ અસર સાંભળનારના હૃદયમાં થાય છે, તેવી અસર આકરાં વચનની થાય જ નહિ. આ બાબતમાં એલેક્ઝાંડરના ઘોડાનું અને મહાત્માનું દૃષ્ટાંત શ્રી શ્રાવકધર્મજાગરિકાદિમાં જણાવ્યું છે.

૩૦. જેમ કાલાગરૂ ( એક જાતનો ધૂપ વગેરે સુગંધી પદાર્થ ) અગ્નિમાં પડતાં ઉત્તમ સુગંધ પ્રકટાવે છે તેમ મહાપુરુષો દુઃખી અવસ્થામાં પણ પોતાની ઉદારતા તજતા નથી.

૩૧. જેમ મોર પીંછાને લઇને શોભે, ને પીંછા મોરથી શોભે તેમ વડીલ વર્ગની શોભા નાના વર્ગને લઇને ને નાના વર્ગની શોભા વડીલ વર્ગને લઇને જ છે. આ શિક્ષા જો હૃદયમાં બરોબર ઠસી જાય તો કજીયા કંકાસ કલેશ આદિના બીજ જરૂર નાશ પામે, સંપની વૃદ્ધિ થાય, આબાદી વધે, આનંદથી ધર્માંધતા દૂર કરી નિર્મલ પદ મેળવી શકાય. —( ચાલુ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી સિદ્ધર્ષિગણિવિરચિત.

# સંસ્કૃત શ્રી જિન સ્તવન અનુવાદ.

( ગતાંક પૃષ્ઠ ૧૧૯ થી સંપૂર્ણ )

( ઉપજાતિવૃત્ત. )

સદ્ધર્મના મેઘ નભે વિરાજે,
મારા ભુજાદંડ મયૂર નાચે;
પ્રભો ! જગન્નાથ-જગદ્ધિતૈષી,
મારી મતી હર્ષવતી જ સાચી. ૧૭

શું માહરી એ શુભ ભક્તિ સાચી,
ઉન્માદ કિંવા મતિમૂઢ કાચી;
તૂં બોલ તારા મુખથી અશેષ,
નિર્વેદ સાચી સ્થિતિ જે વિશેષ. ૧૮

જોતા ભર્યો આમ્ર સુમંજરીથી,
આલાપતી કોકિલ કંઠમાંથી;
હે નાથ ! ભક્તિ મુખથી સ્રવે છે,
તારા પ્રભો ! દર્શનથી લવે છે. ૧૯

આનંદબિંદૂ રસપૂર્ણ ભાળી,
મુખાબ્જ તારું નજરે નિહાળી;
વાચાલ થાએ યદિ મૂઢ જેથી,
ભક્તિતણા ગાન વદે મુખેથી. ૨૦

જાણી અસંબદ્ધ વચ સ્વરૂપ,
ન તૂં ઉપેક્ષા કર વિશ્વભૂપ !
સંતો બધા વત્સલભાવ ધારે,
નતોતણા તે સહુ દુઃખ વારે. ૨૧

અવ્યક્ત વા બાલિશ વાક્ય બોલે,
અલીક વા સત્ય સ્વચિત્ત ખોલે;
પિતાતણે મોદદ શૂં ન થાય ?
જગત્પિતા ! બાલક ક્યાં સમાય ? ૨૨

અશ્લીલ ભાષા મુજ બાલલીલા,
હૂં બાલ જાણી તૂજને સલીલા;
આનંદ તારો વધતો નથી શૂં ?
તૂં બોલ મારા હિતનૂં ખરૂં શૂં. ૨૩

અનાદિ અભ્યાસથકી રહેલૂં,
અશૌચપંકે વિષયી ભરેલૂં;
મારૂં જુઓ માનસ છે મલિન,
અશુદ્ધ વાતાવરણે વિલીન. ૨૪

હે નાથ ! મારું મન કેમ વારૂ ?
અશક્ય દીસે ચલ ને અકારૂ;
કૃપા કરી તૂં અશુચી નિવાર;
દૂરે કરીને વિષયાંધકાર. ૨૫

હજૂ મને નાથ સશંક માને ?
આજ્ઞા વિષે ખાસ અજાણ જાણે;
તેથી ન પ્રત્યુત્તર આપ આપો,
કરી ઘણા હું વિનવૂં પ્રલાપો. ૨૬

પામ્યો પ્રભો ! કિંકરતા તમારી,
એવી અમૂલી પદવી સ્વીકારી;
તો એ વિકારો મુજને ન છોડે,
કાં તે કહો જે મુજ પાસ દોડે. ૨૭

તને નમે તે જન વીર્યશાલી,
થાએ ખરા સુંદર કર્મ બાળી;
છોડે મને ના ઉપસર્ગ તેહ,
હજૂ સતાવે સવિકાર જેહ. ૨૮

સાક્ષાત્ તારા નજરે સમક્ષ,
અલોક ને લોક સહૂ સમીપ;
કષાયથી પીડિત દુઃખપૂર્ણ,
દીઠો ન કાં હૂં હત ને અપૂર્ણ. ૨૯

કષાયસંતાપિત હૂં સમક્ષ,
તૂં છે દયાસિંધુ અપૂર્વ નાથ;
સમર્થ સાક્ષાત્ પ્રભુ યાનપાત્ર,
ઉપેક્ષવો યોગ્ય ન હૂં અપાત્ર. ૩૦

તૂં મુક્ત સંસારસમુદ્ર પાર,
જોઇ દિસે છે મુજને અસાર;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમે ન સંસાર મને અકારો,
ઘડી ન લાગે મુજ તેહ સારો. ૩૧

હે નાથ! મેં શું કરવું ન સૂઝે,
મનોરિપૂ સર્વ કદી ન ખૂઝે;
કરે મને બંધન નિત્ય શીઘ્ર,
પ્રભો! થયો આજ હતાશ વ્યગ્ર. ૩૨

તારા સમીપે મુજ આવવાને,
રિપૂ ઘણા તેહ નિવારવાને;
કરી પ્રભો! દીર્ઘ પ્રચૂર યત્ન,
આવીશ પાસે કર તૂં પ્રયત્ન. ૩૩

સંસાર તારા અવલંબને છે,
નિસ્તાર તેનો તુજથી સરે છે;
એ સત્ય છે તો પ્રભુ કેમ ધીર,
કાં સ્થીર તૂં તાર ભવાબ્ધિ નીર. ૩૪

ત્વરા કરીને પ્રભુ તાર તાર,
વિલંબ ના હો ક્ષણનો લગાર;
આધાર કોનો મુજને નહી છે,
આક્રંદ કર્ણે તવ આ જવા દે. ૩૫

સિદ્ધર્ષિ સાધૂ ગણિ પૂજ્ય માન્ય,
સ્તુતિ કરે જે મુનિ શુદ્ધ ધન્ય;
પદાનુસારી સ્તવના કરું છું,
અલ્પજ્ઞ હૂં બાલ જિન સ્તવૂં છું. ૩૬

કવિ—**બાલચંદ હીરાચંદ, માલેગામ**

---

# સૌ કોઇ વીતરાગના માર્ગને અનુસરો.

**મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ**
**અમદાવાદ.**

**હે મંગલમય પરમાત્મન્!**

અનાદિકાળથી આત્મભાન ભૂલેલો આત્મા પુદ્ગલનો સંગી બની પરભાવમાં રાચ્યા કરે છે, એણે પોતાનું સ્વરૂપ વિસારી મૂકયું છે.

અજ્ઞાનનાં આવરણોએ એના જ્ઞાન-ભાનુને ઢાંકી દીધો છે. સંશય અને સંદેહની કાલિમાએ એના શ્રદ્ધાગુણને આવરી લીધો છે. અને સંસારમાં નિરંતર ભોગવવાં પડતાં સુખદુઃખના ઘેરાયેલાં વાદળોએ એના નિજાનંદનું તેજ હણી દીધું છે. પ્રભુ! આ બધી અનાદિકાળથી વળગેલાં કર્મની રચના છે. એ જડ કર્મને વશ બનેલો આત્મા પોતાના ચેતનભાવને વિસરીને ગર્ભાવાસ-જન્મ અને મરણની કારમી વેદનાઓ સદાકાળ સહ્યા કરે છે.

પ્રભુ! જેમ મદઘેલો ગજરાજ મલિન કાદવમાં આળોટે છે, તેમ આ ભાનભૂલ્યો આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ ભૂલીને કર્મના કાદવમાં સદાકાળ રાચ્યા કરે છેઃ પરમાત્મન્! એ મલિન કર્મ-કીચમાંથી મારા આત્માનો નિસ્તાર કરો!

સ્વામી! કરુણાના સાગર એવા આપે જગતને કલ્યાણનો માર્ગ ઉપદેશ્યો છે. આત્મઋદ્ધિથી વિમુખ બનેલા સંસારને આપે અનંત આત્મલક્ષ્મીનું દર્શન કરાવ્યું છે. એ આત્મલક્ષ્મીએ અનેક આત્માઓને સમૃદ્ધ બનાવી તેમનો ઉદ્ધાર કર્યો છે. નાથ! મારા કર્મ દારિદ્રયનો નાશ કરીને મને એ આત્મલક્ષ્મીનું દાન કરો!

નાથ! આપે શોધેલી એ આત્મલક્ષ્મીનું મૂલ્ય હું શું કરી શકું? પ્રભુ! દેવતાઓએ સાગરમંથન કરી રત્નો મેળવ્યાં તેમ આપે આત્મમંથન કરી આત્મસમૃદ્ધિના મહાખજાના સમા ત્રણ મહારત્નોની શોધ કરી.

અનંતજ્ઞાન, અનંતદર્શન અને અનંતચારિત્ર એ આત્માની અખૂટ સંપત્તિ છે. એ સંપત્તિને વરેલ આત્મા સંસારની સમગ્ર ઉપાધિઓને તરી જાય છે. પ્રભુ! સ્વભાવે આ આત્મા અનંત જ્ઞાનનો ધણી છે, અનંત દર્શનનો માલિક છે અને અનંત આનંદનો ભોક્તા છે. પણ પ્રભુ! મોહ માયાને વશ પડેલ આત્મા મંત્રવશ બનેલ માનવી જેમ પોતાનું ભાન ભૂલી જાય તેમ, પોતાની અમૂલ્ય આત્મસંપત્તિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂલી બેઠો હતો. નાથ ! આપે એને જાગ્રત કર્યો. પ્રભુ આપે શોધેલ એ અમૂલ્ય રત્નત્રયીનો કેવો પ્રભાવ છે ? આંખ આગળનો પાટો દૂર થાય અને માનવી જેમ પોતાની આસપાસના પદાર્થો દેખી શકે તેમ અજ્ઞાનનાં આવરણો દૂર થતાં અનંતજ્ઞાનના બળે આત્મા સંસારના સમસ્ત ભાવોને હસ્તામલકવત્ નિહાળવા લાગે ! અનન્તદર્શન પ્રગટ થાય કે આત્માના સમસ્ત સંશયો કે સંદેહો દૂર થઇ જાય અને આત્મા સત્ય શ્રદ્ધાનની નિર્મળ સરિતામાં સ્નાન કરવા લાગે. કોઇ મહારોગીનો રોગ દૂર થાય અને તેને જેમ શાતા વળે તેમ અનંત ચારિત્રનો ઉદય થાય અને આત્માનો કર્મવ્યાધિ સર્વથા નાશ પામીને આત્માને અનંત આનંદનો સાક્ષાત્કાર થવા લાગે.

નાથ ! આ રત્નત્રયીની સાધના એટલે આત્માના સત્ચિત્ અને આનંદનો સાક્ષાત્કાર. નાથ ! મહામંત્રવાદીના એકાદ મંત્રાક્ષરમાં પણ જેમ અપાર શક્તિ ભરી હોય છે તેમ આપે પ્રરૂપેલા જ્ઞાન–દર્શન અને ચારિત્રની રત્નત્રયીમાં કર્મનો નાશ કરીને આત્માને શુદ્ધ બનાવવાની અનંતશક્તિ ભરી છે. પારસમણિના સ્પર્શે લોઢું પણ જેમ સુવર્ણ બની જાય છે તેમ આ રત્નત્રયીના સ્પર્શે આત્માના કર્મરૂપી આવરણો દૂર થઇને આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રકાશવા લાગે છે.

પ્રભુ ! કોઇ ગાગરમાં સાગર સમાવી દે તેમ આ જ્ઞાન દર્શન ચારિત્રની રત્નત્રયીનો-અનંત આત્મસમૃદ્ધિનો લાભ મારા આત્માને મળજો.

સ્વામી ! આ દેહનું મૂળ જેમ નાભી છે તેમ ધર્મનું મૂળ જ્ઞાન–દર્શન–ચારિત્રની રત્નત્રયી છે. એ રત્નત્રયીમૂલક ધર્મ જ આત્માનો નિસ્તાર કરી શકે છે.

પ્રભુ ! એ ધર્મના મૂલ સમી રત્નત્રયીનો લાભ મેળવવા માટે હું આપની નાભીની ભક્તિભર્યા ચિત્તે પૂજા કરૂં છું. પ્રભુ ! આપની પૂજાથી મારા અજ્ઞાનનો નાશ થજો, મારી અશ્રદ્ધા દૂર થજો: મારાં દુઃખો નાશ પામજો અને મને અનંતજ્ઞાનદર્શન ચારિત્રની સાધનાનો માર્ગ સાંપડજો.

ઉપદેશક નવતત્ત્વના, તિણે નવ અંગ જિણંદ;
પૂજો બહુ વિધ ભાવશું, કહે શુભવીર મુણીંદ.

હે તરણતારણ દેવ !

ધન્ય છે તે પુણ્યાત્માઓને કે જેમણે સમવસરણમાં બેસી આપના મુખેથી દેશના સાંભળી છે અને આપનું પવિત્ર દર્શન કર્યું છે. ધન્ય છે તે ભૂમિને કે જ્યાં આપના ચરણોએ પગલાં પાડ્યા છે. પ્રભુ ! આપની વાણીએ અને આપના દર્શને અનેક આત્માઓને આત્મમાર્ગનું દર્શન કરાવી અમરપંથે વાળ્યા છે.

નાથ ! પંચમકાળના પ્રભાવે એ સમવસરણની રચના, એ યોજનગામિની આપની દેશના, અને પતિતોને પાવન કરતી આપની એ દેહજ્યોતિ આજે અલભ્ય છે.

છતાં પ્રભુ ! આપનું સ્મરણ કરાવી આત્મમાર્ગે પ્રેરતી આપની પ્રતિમા આ સંસારસમુદ્રને તરવામાં મહાયાનતુલ્ય છે. આપની આત્મસિદ્ધિના અમર મહિમાને યાદ રાખવા અને આત્મભાવનાની જ્યોતિને સજીવન રાખવા દેવતાઓ પણ પોતાના દેવવિમાનોમાં આપની પ્રતિમાને પૂજે છે.

પ્રભુ ! આપની પ્રતિમાના પવિત્ર દર્શનથી આત્મભાવ પ્રત્યક્ષ કરીને આર્દ્રકુમાર સમા અનેક આત્માઓ ધર્મમાર્ગને પામ્યા છે. નાથ ! આપની પ્રતિમાના પૂજનથી મારી ધર્મભાવના જાગૃત થજો.

પ્રભુ ! અનંતજ્ઞાનમય કેવળજ્ઞાનના પ્રભાવથી સમસ્ત સંસારનો સાક્ષાત્કાર કરીને આપે નવતત્ત્વની પ્રરૂપણા કરી, એ નવતત્ત્વમાં સંસારના સમસ્ત સચરાચર પદાર્થોનો સમાવેશ થાય છે. પ્રભુ ! આપની પવિત્ર પ્રતિમાનાં નવ અંગનાં પૂજનથી મને એ નવતત્ત્વોનું જ્ઞાન મળજો.

સ્વામી ! અગ્નિમાં તપાવેલ સુવર્ણ જેમ શુદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપે પ્રકાશી ઉઠે છે તેમ તપશ્ચર્યાની અગ્નિમાં તપાવેલ આ આત્માનો કર્મમળ બળીને ભસ્મ થઇ જાય છે. અને આત્માનું શુદ્ધ અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યમય સ્વરૂપ પ્રકાશી ઉઠે છે.

પ્રભુ ! આત્મા ઉપરના કર્મમળને બાળવા માટે આપે નવપદના મહાતપની પ્રરૂપણા કરી છે. એ એક પદના આરાધનથી આત્મા ઉપરનાં કર્મબંધનો વધુ ને વધુ શિથિલ થતાં જાય છે. પ્રભુ ! આપની પ્રતિમાનાં નવઅંગની પૂજાથી મને એ નવપદ મહાતપની પ્રાપ્તિ થજો.

પ્રભુ! જડ કર્મથી આવી મળેલ આકાશનાં અંગોનું જતન કરવા મોહવશ બની મેં અનેક પાપાચરણો સેવી મારા આત્માને ભારે બનાવ્યો છે. નાથ! આપનાં અંગોનાં પૂજનથી મારા અંગો ઉપરનો મારો મોહ નાશ પામજો અને મને આત્મભાવનો લાભ થજો.

---

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું સોળમું અધિવેશન.

શ્રી કોન્ફરન્સનું નાવ અથડાતાં અથડાતાં સુરત મુકામે બંને પક્ષો વચ્ચે થયેલ સંતોષકારક નિર્ણય પછી ગયા પ્રથમ ચૈત્ર વદી ૧૦-૧૧-૧૨ શનિ, રવિ અને સોમવારના રોજ મુંબઇ શહેરમાં કોન્ફરન્સનું અધિવેશન ઉત્સાહપૂર્વક ભરાયેલ હોવાથી, આ વખતે તે ઐતિહાસિક બની જશે એમ આગળના હેવાલો ઉપરથી જણાતું હતું; પરંતુ ભવિતવ્યતાની પરિપકવતા ન થયેલી હોવાથી સુરત મુકામે થયેલ પ્રથમ દીક્ષા સંબંધી અને જૈન ધર્મના સિદ્ધાંતો અને પ્રચલિત અનુષ્ઠાનો જે પ્રમાણે માન્ય રખાણા છે તે પ્રમાણે માન્ય રાખવાના આ બે ઠરાવો ઉપર બંને પક્ષો ઠરાવોની તરફેણમાં તથા વિરૂદ્ધમાં ભાષણો, ચર્ચાઓ વગેરેથી ઝુંબેશ ચાલતાં મત લેવાનો નિર્ણય થતાં સુંદર રીતે મતગણત્રી થઇ હતી.

વિરુદ્ધના મતો ગણત્રીથી વધી જતાં બંને ઠરાવો ઊડી ગયા હતા. તરફેણમાંહેના કેટલાકએક અગ્રગણ્ય બંધુઓ મનદુઃખ થતાં ચાલ્યા ગયા હતા. જૈન સમાજને પંચમ આરે પ્રભાવ બતાવ્યો હતો અને સમાજની ઉન્નતિ કે ઉત્કર્ષ થવાને નિમિત્ત કારણ કાળની પરિપકવતા થઇ નથી તેટલું જ નહિ પરંતુ લોકમત કેટલો આગળ વધ્યો છે તેમ પણ આમાંથી દેખાયું છે. જે થયું તે ઠીક નથી થયું તેમ ખેદ સાથે જણાવતાં પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ કે આપણી સમાજ પ્રેમપૂર્વક એક બીજા મળી સંગઠ્ઠનપૂર્વક કોન્ફરન્સ દ્વારા સમાજસેવા કરે તેમ જલદી વખત પ્રાપ્ત થાય.

ઉપરોકત બંને ઠરાવો ઊડી ગયા બાદ પ્રમુખસ્થાનેથી મુકાયેલ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ મધ્યમવર્ગને રાહત આપવાનો ઠરાવ દરખાસ્ત અને ટેકા સાથે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. શ્રીયુત ચંદુલાલભાઇ વર્દ્ધમાન શાહ તથા શ્રીયુત દામજીભાઇ જેઠાભાઇને જનરલ સેક્રેટરી નીમ્યા હતા. આભાર માન્યા બાદ સંમેલન વિસર્જન થયું હતું. આ સમેલનમાં એકંદરે બાવીશ ઠરાવો પસાર કરવામાં આવ્યાં હતાં.

જૈન વિદ્યામંદિર, જૈન સાહિત્ય, ધાર્મિક કેળવણી, કેળવણી પ્રચાર, કેન્દ્રસ્થ સમિતિ, મંદિરો તથા સ્થાપત્યનું સંરક્ષણ, જિનાલયો માટેના ઉપયોગી સાધનો, આક્ષેપનો પ્રતિકાર, યાત્રાળુઓને સગવડ, જૈન જનરલ ઇસ્પીતાલ તથા પ્રસુતીગૃહ, પ્રચાર, વસ્તીપત્રક, સંગઠન, કચ્છી ભાઇઓ અને નવકારશી, વ્યાયામ, શ્રી મહાવીર જયંતી, જૈન સેન્ટ્રલ સહકારી મંડળ તેમજ પરિષદના બંધારણ અંગેના ઠરાવોને પરિષદે પોતાની હાર્દિક રીતે બહાલી આપી હતી.

સ્વાગત કમિટીના પ્રમુખ રાવસાહેબ શ્રીયુત કાન્તિલાલભાઇ ઇશ્વરલાલ જે. પી. નું ભાષણ ભાવના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીલ, લાગણી પ્રધાન અને જૈન સમાજની સેવા કરવાની ઉત્તમ અને ઉદારતાપૂર્વક તમન્નાવાળું હતું. તેમાં પ્રથમ શ્રી સંઘની અપૂર્વ મહત્તા જણાવવા સાથે પંદર બેઠકોનું પ્રથમ અવલોકન કરી બતાવ્યું હતું. આપણી કોન્ફરન્સને સમાજ તરફથી જે વિપુલ ધનનો આશ્રય મળવો જોઇએ તેમ થયું નથી. બીજી કોમોના પ્રમાણમાં કેળવણીનો ફેલાવો આપણી કોમમાં થયો નથી. ત્યારબાદ કેળવણીથી થતા લાભો જણાવી તે વિના સમાજમાં અવિશ્વાસ, વ્હેમ, સંકુચીતતા અને અતડાપણાને લઇને કોનફરન્સની પ્રગતિના માર્ગ રૂંધાયા છે. દશ વર્ષ પહેલાં કોનફરન્સને લોકપ્રિય બનાવવા કેળવણીપ્રચારની યોજના રજુ કરી યતકિંચિત ફાળો આપી જે યોજના મુકાઇ હતી તેનાથી ઘણા ગામોમાં કેળવણી સંસ્થાનો જન્મ અને પ્રચાર થયો પણ ખરો છતાં પણ આ મહાસભાને ધાર્યા મુજબ વેગ મળ્યો નથી. તે પછી દીક્ષા સંબંધી અને સંગઠ્ઠન સંબંધી બંને ઠરાવો ઐકય સમીતિ તથા સુરત મુકામે કોનફરન્સમાં લાવવાનો ઠરાવ નક્કી થયા સંબંધી ઇતિહાસ જણાવ્યો અને યુવક બંધુઓને નમ્રતાપૂર્વક સૂચના કરી કે આપ બંધુઓ કદાચ સંમત્ત ન થાઓ તો વિરૂદ્ધ ન પડતાં તટસ્થતા જાળવજો.

ત્યારબાદ ત્યાગી મહાત્માઓને પણ સાધુ સંમેલનના ઠરાવોનું પાલન જેટલા પ્રમાણમાં થશે તેટલા પ્રમાણમાં શ્રાવકવર્ગ ઉપર પણ આપની છાપ રહ્યા કરશે તેમ વિનતિપૂર્વક જણાવ્યું. હાલમાં કેળવણી અને વેપાર જેવા નિર્દોષ પ્રશ્નો જ હાલ આપણી મહાસભાએ હાથમાં લેવા ધાર્યું છે. અને સમયના ફેરફાર સાથે આખર તો કેળવણીને જ મહત્વ અપાશે તેને માટે રચનાત્મક કાર્ય હાથ ધરવા સાથે એકત્રિત સમૂહમંડળ સ્થાપવાની જરૂરીયાત જણાવી એક મધ્યસ્થ જૈન વિદ્યાપીઠ સ્થાપવાની જરૂરીયાત આપણી સમાજ માટે હવે ઊભી થઇ છે અને તેને અપનાવી લેવાની મારી આગ્રહભરી વિનતિ છે. સિવાય વસ્તીગણત્રી, શ્રી મહાવીર જન્મકલ્યાણુક દિવસ ઉજવવા વગેરેની જરૂરીઆત વિગેરે વિગેરે સંબંધી વિવેચન કરી પોતાનું ભાષણ પૂર્ણ કર્યું હતું. જો કે સ્વાગત કમિટીનું ભાષણ કે જનરલ પ્રમુખનું ભાષણ કે કોનફરન્સનો રિપોર્ટ કંઇપણ અમોને મળ્યું નથી પરંતુ બીજા પેપરોમાંથી સંક્ષિપ્ત આવેલ હકીકત ઉપરથી આ ટૂંકો હેવાલ આપીએ છીએ. વિશેષ હકીકત તો દૈનિક પેપરોમાં ત્રણે દિવસોનો હેવાલ વાંચવાથી જણાઇ શકે તેવું છે.

---

# વર્તમાન સમાચાર.

## પંજાબ.

**પ્રતિષ્ઠા મહોત્સવ.** ફાઝલકા શહેરમાં પરમોપકારી પૂજ્યપાદ આચાર્યશ્રી **શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી** મ. સાહેબના સદ્‌ઉપદેશથી તેમજ પંજાબ શ્રી સંઘના સહકારથી ઘણા વર્ષોના વિચાર પછી હાલ દહેરાસર તૈયાર થતાં ગયા ફાગણ સુદ ૩ ના રોજ આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં ચતુર્વિધ સંઘ સહિત મોટા સમારોહપૂર્વક વિધિવિધાનપૂર્વક પ્રતિષ્ઠા થયેલ છે. ક્રિયા વલાદનિવાસી શેઠ ફૂલચંદભાઇએ કરાવી હતી.

ફા. સુદ ૨ ના રોજ પૂજ્યપાદ આચાર્યદેવને લાલા ચંદુલાલજી અગ્રવાલની અધ્યક્ષતામાં એક સભા ભરી આચાર્યદેવના ચરણકમળમાં સ્કુલના કાર્યકર્તાઓ તરફથી અભિનંદન પત્ર સમર્પણ કરવામાં આવ્યું હતું, જેના જવાબમાં પૂજ્યપાદ આચાર્ય દેવના પ્રાસંગિક ઉપદેશવડે ત્યાંની સ્કુલને રૂા. ૭૦૦) લગભગની મદદ મળી હતી, જે પ્રતિષ્ઠાના દિવસે ઇનામ આપવા નક્કી થયા હતા. ફાગણ સુદ ૩ ના શુભ મુહૂર્તે સવારના નથમલજી સાવણસુખાએ ૫૦૧ મણ ઘી બોલી મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુસ્વામીને ગાદી પર બિરાજમાન કર્યા હતા અને બીજા પ્રતિમાજી, યક્ષ યક્ષિણી, શ્રીમદ્ હીરવિજયસૂરિજી મ. અને પૂજ્યપાદ આત્મારામજી મહારાજની મૂર્તિ તથા દાદા જિનદત્તસૂરિજી મ. ની ચરણપાદુકા વિરાજમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવામાં આવ્યા હતા. શાન્તિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. અહીં શ્રાવકોના દસ જ ઘર હોવા છતાં પ્રતિષ્ઠા મહોત્સવ સુંદર થયો હતો. અહીંથી વિહાર કરી મહારાજશ્રી જીરા પધાર્યા હતા.

**જીરા**—આ શ્રી વિજયવલ્લભસૂરિ મ૦ સપરિવાર અહીં પધારતાં શ્રી સંઘે ભાવભીનું સ્વાગત કર્યું હતું. ચૌદશના રોજ સવારના નવ વાગે પૂજ્યપાદ આચાર્યદેવે સર્વવિઘ્નનિવારક શ્રી જૈન સ્તોત્રો સંભળાવી સંક્રાંતિનું નામ સંભળાવ્યું હતું. અધિક માસ પ્રથમ ચૈત્ર કેવી રીતે કહેવાય છે તે ઉપર વિવેચન કર્યું હતું.

(૧) વિ. સં. ૨૦૦૩ (ગૂજરાતી ૨૦૦૨) ના જેઠ સુદ ૮ ના રોજ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મ૦ ને સ્વર્ગવાસી થયે પચાસ વર્ષ થશે; તે પ્રસંગે શ્રી ગુરુદેવની અર્ધશતાબ્દિ કેવી રીતે ઉજવવી તે માટે વિચાર કરવા ભલામણ કરી.

(૨) જીરા પાસે સ્વર્ગસ્થ ગુરુદેવની જન્મભૂમિ લહેરામાં હોવાથી શ્રી ગુરુદેવનું સ્મારક બનાવવા સૂચના કરી હતી. આચાર્યદેવના ઉપદેશથી જીરાનિવાસીઓએ તે વખતે શ્રી આત્માનંદ જૈન ગુરુકુલ પંજાબના પેટ્રન તરીકે રૂપિયા ૪૦૦૦) આપ્યા હતા.

ત્યારબાદ વિહાર કરી શૈપ્પડ તરફ પધાર્યા હતા.

---

## પરમ ગુરુદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જયંતી.

બીજા ચૈત્ર શુદ ૧ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રી આત્મારામજી મહારાજની દર વર્ષ મુજબ જયંતી ઉજવવા પ્રથમ ચૈત્ર વદી ૩૦ ના રોજ આ સભાના સભાસદો શ્રી સિદ્ધાચળજી ગયા હતા. શેઠ સાહેબ મોતીલાલભાઈ મૂળજીના સુપુત્ર દાનવીર શેઠ સકરચંદભાઈએ આ સભાને તે માટે આપેલી એક રકમના વ્યાજમાંથી જયંતી નિમિત્તે દેવગુરુભક્તિ દરવર્ષ મુજબ કરવામાં આવી હતી. શુદ ૧ ના રોજ શ્રી આદિનાથ ભગવાન અને ગુરુદેવની સોનાના પાનાની સુંદર આંગીના પ્રથમ દર્શન કર્યા બાદ દશ વાગે શ્રી નવાણુંપ્રકારી પૂજા વિવિધ રાગરાગિણીયો વાજીંત્ર સાથે ઉલ્લાસપૂર્વક ભણાવવામાં આવી હતી. સાંજના સભાસદો વગેરેનું સ્વામીવાત્સલ્ય પણ કરવામાં આવ્યું હતું. પૂજ્ય સાધુ સાધ્વી મહારાજનો પણ ભક્તિ ગોચરીથી પણ સારો લાભ લેવાયો હતો. ઉદાર નરરત્ન શેઠ શ્રી સકરચંદભાઈએ પણ અસાધારણ મોંઘવારી હોવા છતાં દેવગુરુભક્તિ જયંતિ માટે ઉદારતાપૂર્વક ખૂબ ઉત્સાહપૂર્વક દેવગુરુભક્તિ કરવા કરેલી સૂચનાથી આ વખતે વિશેષ ભક્તિનો લાભ સભાસદોએ લીધો હતો.

---

# સ્વીકાર સમાલોચના.

નીચેના ગ્રંથો આભાર સાથે સ્વીકારીયે છીયે.

૧ કર્પૂરવિજયજી લેખ સંગ્રહ. ભા. ૭. — કર્પૂરવિજય સ્મારક સમિતિ મુંબઈ.

સાદા અને સરલ મનન કરવા યોગ્ય સંગ્રહ છે. કિંમત બાર આના.

૨ શ્રી જિનેન્દ્ર પૂજા સંગ્રહ કીં. ૧–૮–૦ — વિજય માણેકસિંહ સૂરીશ્વરજી રચિત (સાબરમતી રામનગર).

૩ શ્રી જૈન ગુણ માણિકયમાળા કીં. રૂા. ૧–૦–૦ ,,

૪ શ્રી સુંદરપદ માણિકય સંગ્રહ કીં. વાંચન મનન ,,

૫ શ્રી અમૃત પદારાધના સ્તવનં મૂલ્ય સદુપયોગ ,,

૬ શ્રી સુંદર સ્તવન પદ માણિકય સંગ્રહ } કીં. રૂા. ૦–૪–૦ ,,

ઉપરોક્ત છ પુસ્તકોના કર્તા શ્રી માણિકયસિંહસૂરિ છે. પૂજા વગેરેની સુંદર રચના છે. વાંચવા યોગ્ય છે.

૭ વીર રણસિંહ કીં. ૦-૩-૦ શ્રી લબ્ધિસૂરીશ્વર ગ્રન્થમાળા, ગારીયાધાર.

૮ સુસીમા કીં. ૦–૨–૦ ,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

૯ જૈનોની વસ્તીવિષયક દશા નરોત્તમ ભગવાનદાસ શાહ, ઠેઃ ઘોઘારી જૈન દવાખાનું ૨૫૨/૫૪ મસ્જીદ બંદર, મુંબઇ ૩.

૧૦ શ્રી જગત્કર્તૃત્વમીમાંસા પ્રકરણમ્ પ્રણેતા મુનિ મહારાજ શ્રી શિવાનન્દવિજય.

ઉપરોક્ત સંસ્કૃત ભાષામાં સ્વરચિત વિદ્વત્તાપૂર્ણ કૃતિ છે. ભાષા પણ તે ભાષાના અભ્યાસીઓ માટે સરલ છે.

પ્રાપ્તિસ્થાનઃ—શેઠ ઇશ્વરદાસ મૂળચંદ, ફીકાભટ્ટની પોળ, અમદાવાદ.

**૧૧ વિક્રમાદિત્ય હેમુ**—લેખક જયભિખ્ખુ—સોળમી સદીમાં થયેલ મંડોવરાના એક જૈન શ્રાવકની ઐતિહાસિક આ ઘટના નોવેલરૂપે લેખકે સાદી સરલ ભાષામાં રચના કરી છે. જેઓ મુત્સદ્દી, યુદ્ધ નિષ્ણાત, નરકેસરી તે કાળમાં દિલ્હીશ્વર બન્યા હતા. આ ઐતિહાસિક ગ્રંથ છે. કિંમત પાંચ રૂપીઆ.

**૧૨ ઉપવન**—ટૂંકી ટૂંકી ઐતિહાસિક ૨૪ નવલિકાઓનો સંગ્રહ આ ગ્રંથમાં છે. લેખક શ્રી જયભિખ્ખુનો આ પ્રથમ પ્રયત્ન છતાં સર્વ સમજી શકે તેવી સરલ ભાષામાં સંકલના કરી છે. કિંમત અઢી રૂપીઆ. પ્રકાશક-ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ. ગાંધીરોડ

**શાહ જમનાદાસ ગોરધનદાસનો સ્વર્ગવાસ.**

શ્રી જમનાદાસભાઇ માત્ર બે દિવસની બિમારી ભોગવી. ૧૧-૪-૪૫ ના રોજ શુમારે પચાસ વર્ષની ઉંમરે પંચત્વ પામ્યા છે. તેઓ મોહન ટોકીઝ સીનેમાના મેનેજર હતા. તેઓની કાર્યવાહી પણ માલેક અને પ્રજાને વ્યવસ્થિત માલમ પડી હતી. તેઓ વીશાશ્રીમાળી જ્ઞાતિના ખાનદાન કુટુંબમાં જન્મ્યા હતા. તેઓ સ્વભાવે માયાળુ, મિલનસાર અને ધર્મી પુરૂષ હતા. કેટલાક વખતથી આ સભાના તેઓ આજીવન સભ્ય થયા હતા. તેઓના સ્વર્ગવાસથી એક ધર્મનિષ્ઠ સભ્યની ખોટ પડી છે. તેઓના કુટુંબ અને સુપુત્રોને દિલાસો દેવા સાથે તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે.

**શેઠ ડુંગરશી કાનજીભાઇનો સ્વર્ગવાસ.**

શ્રી ડુંગરશીભાઇ થોડા દિવસની બિમારી ભોગવી તા. ૨૫-૩-૪૫ ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ શ્રદ્ધાળુ, મિલનસાર અને કુશળ વ્યાપારી હતા. તેઓના સ્વર્ગવાસથી એક લાયક સભાસદની ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીયે છીયે.

# વિષયાનુક્રમણિકા.


૧ શ્રી સિદ્ધચક્ર ભગવાનકી સ્તુતિઃ ... ... ... (સં. લલિતસૂરી) ૧૨૫
૨ વર્તમાન વિશ્વની દશા. ... ... ... (આ. કસ્તુરવિજયજી મહારાજ) ૧૨૬
૩ સંસારમાં સારભૂત ... ... ... ... ...(સં. મુનિ પુણ્યવિજયજી) ૧૨૬
૪ સંક્ષિપ્ત બોધ વચનમાળા ... ... ... ... ...(વિજયપદ્મસૂરિ) ૧૨૭
૫ સંસ્કૃત જિન સ્તવન અનુવાદ. ... ... ... (બાલચંદ હીરાચંદ માલેગામ) ૧૨૮
૬ સૌ કોઇ વિતરાગના માર્ગને અનુસરો. ... ...(મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ) ૧૨૯
૭ જૈન કોનફરન્સનું ૧૬ મું અધિવેશન. ... ... ... ... ... ... ૧૩૧
૮ વર્તમાન સમાચાર પંજાબ શ્રી ગુરુદેવ જયંતી. ... ... ... ... ... ૧૩૨
૯ સ્વીકાર સમાલોચના ... ... ... ... ... ... ... ... ૧૩૩


મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only